# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી

નં. પરીક્ષા/૩-અ/ **૨૮૭૫૮** /૨૦૧૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
**તા. ૩-૧૦-૨૦૧૧**

**પરિપત્ર નં. : ૧૭૫**

આથી માન. કુલપતિશ્રીના આદેશ અનુસાર જણાવવાનું કે, ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજોમાં ચાલુ વર્ષથી ચોઈસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમનો અમલ કરવામાં આવ્યો છે. જે સંદર્ભમાં આગામી પરીક્ષાઓ બાબતે કેટલાંક મુદ્દાઓ અંગે ધ્યાન દોરવામાં આવે છે.

(૧) પરીક્ષાની નવી પદ્ધતિ પ્રમાણે હવે ઈન્ટર્નલમાં ૩૦માંથી ૧૧ ગુણ અને એક્સ્ટર્નલમાં ૭૦માંથી ૨૫ ગુણ મળી કુલ ૩૬ ગુણ પાસ થવા લાવવાના રહેશે. એક્સ્ટર્નલ તથા ઈન્ટર્નલ પરીક્ષા બન્નેમાં પાસ થવું ફરજિયાત છે. ઈન્ટર્નલમાં ૩૦ પૈકી નીચે મુજબ ગુણ ગણવાના રહેશે. બાકીના ૧૫ ગુણ લેખિત પરીક્ષાના રહેશે. વિદ્યાર્થીએ કૉલેજની લેખિત પરીક્ષા આપવી ફરજિયાત છે. દરેક કૉલેજે દરેક વિષયની ૫૦ ગુણની પરીક્ષા લેવાની રહેશે. જેની સમયમર્યાદા દોઢ કલાકની રહેશે. દરેક કૉલેજોએ આંતરિક પરીક્ષા નિયત થયેલ ઍકૅડેમિક કેલેન્ડર મુજબ પૂર્ણ કરવાની રહેશે.

<u>**આર્ટ્સ**</u> :

ફરજિયાત અંગ્રેજી અને ભારતીય ભાષામાં હાજરીનાં ૫ ગુણ અને અન્ય તમામ વિષયો માટે ૫ ગુણ એસાઈનમેન્ટ, ૫ ગુણ સેમિનારના તેમજ ૫ ગુણ હાજરીના એમ મળીને કુલ ૧૫

<u>**સાયન્સ**</u> :

૫ ગુણ એસાઈનમેન્ટ, ૫ ગુણ સેમિનારના તેમજ ૫ ગુણ હાજરીના એમ મળીને કુલ ૧૫

<u>**કૉમર્સ/બી.બી.એ./બી.સી.એ.**</u> :

૧૦ ગુણ એસાઈનમેન્ટ અને સેમિનારના તેમજ ૫ ગુણ હાજરીના એમ મળીને કુલ ૧૫

(૨) તા. ૧૪-૧૧-૨૦૧૧ થી તા. ૧૪-૧૨-૨૦૧૧ દરમિયાનમાં યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાની પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાઓ લેવાશે. જેના પ્રશ્નપત્રો યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવશે અને પેપર એસેસમેન્ટનું કાર્ય પણ યુનિવર્સિટી દ્વારા કરાવવામાં આવશે.

(૪) હાજરીના ગુણની ગણતરી કરવા તથા ઓછી હાજરી બાબતે નિયત થયેલા અભ્યાસક્રમનો ઓર્ડિનન્સ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૫) વિજ્ઞાન વિદ્યાશાખા સિવાય અન્ય તમામ વિદ્યાશાખામાં સોફ્ટ સ્કીલ તેમજ ફાઉન્ડેશન કોર્સની પરીક્ષા કૉલેજે લેવાની રહેશે. વિજ્ઞાન વિદ્યાશાખાની ઈલેક્ટિવ પેપર્સની પરીક્ષા કૉલેજ દ્વારા લેવામાં આવશે. અને ફાઉન્ડેશન કોર્સની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવામાં આવશે. આ બંન્ને પ્રશ્નપેપરનું માળખું ૧૦૦ ગુણનું રહેશે. આંતરિક પરીક્ષાના પેપર્સના ૧૦૦માંથી મેળવેલ ગુણની વિગત યુનિવર્સિટીને કૉલેજે આપવાની રહેશે.

(૬) યુનિવર્સિટી પરીક્ષાનાં પ્રશ્નપત્રનું યુનિટ દીઠ માળખું, વિદ્યાશાખાનું સ્ટ્રક્ચર, ગ્રેડિંગ સિસ્ટમની વિગત, આંતરિક મૂલ્યાંકન પદ્ધતિ, અભ્યાસક્રમની વિગતો ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મૂકેલ છે Home પેજ ઉપર Download પર ક્લીક કરવાથી Syllabusમાંથી ઉપલબ્ધ થઈ શકશે. વિદ્યાર્થીઓને પણ આ બાબતની જાણકારી આપશો.

(૭) કૉલેજો દ્વારા લેવાનાર ઈલેક્ટિવ/ફાઉન્ડેશન/સોફ્ટ સ્કિલ પરીક્ષા કૉલેજની આંતરિક પરીક્ષા સાથે જ આયોજન કરવાનું રહેશે. આ બાબતે યુનિવર્સિટી તરફથી કોઈ કાર્યક્રમ જાહેર કરવામાં આવશે નહિં.

(૮) કૉલેજો દ્વારા લેવાનાર ઈલેક્ટિવ/ફાઉન્ડેશન/સોફ્ટ સ્કિલ પરીક્ષા માટેનાં પ્રશ્નપત્ર તેમજ ઉત્તરવહી કૉલેજોએ પૂરી પાડવાની રહેશે.

(૯) કૉલેજોએ આંતરિક ગુણ તેમજ ઉપરોક્ત કોર્સિસ જેવા કે ઈલેક્ટિવ/ફાઉન્ડેશન/સોફ્ટ સ્કિલનાં ગુણ યુનિવર્સિટી દ્વારા પૂરી પાડવામાં આવનાર સીડીમાં સાથે જ નિયત ફોર્મેટમાં મોકલવાનાં રહેશે.

(૧૦) કૉલેજ દ્વારા લેવાનાર આંતરિક પરીક્ષાના પ્રશ્નપેપર તૈયાર કરવા માટે નીચે મુજબના મોડલો સૂચવવામાં આવે છે.

(૧૧) સાયન્સ ફેકલ્ટી માટેની આંતરિક પરીક્ષા તેમજ ઈલેક્ટિવ પેપરની પરીક્ષા માટે પ્રશ્નપેપરનું પ્રારૂપ ગુજરાત યુનિવર્સિટી પર મોડેલ બી.એસસી.નાં ડોક્યુમેન્ટમાં સમાવિષ્ટ પ્રશ્નપત્ર (External) મુજબ રાખવું.

**Model -1 :**

Q. 1. Each from any two units. **...** Marks 20
- (A) One long Answer with internal Option **...** 10 Marks
- (B) One long Answer with Internal Option **...** 10 Marks

Q. 2. Each from remaining two units. **...** Marks 12
- (A) One Short Note with internal Option **...** 6 Marks
- (B) One Short Note with Internal Option **...** 6 Marks

Q. 3. Each from all units. **...** Marks 18
- (A) Four brief answer **...** 8 Marks
- (B) Five MCQ **...** 10 Marks

**Model -2 :**

Q. 1. Write any five answers with internal Option from all Units. **...** Marks 20

Q. 2. Write two short questions with internal Option from all Units. **...** Marks 12

Q. 3. Each from all units. **...** Marks 18
- (A) Four brief answers **...** 8 Marks
- (B) Five MCQ **...** 10 Marks

**Model -3 :**

Q. 1. One Numerical with internal Option from any one Unit. **...** Marks 20

Q. 2. Write two short questions with internal Option from remaining three Units. **...** Marks 12

Q. 3. Each from all units. **...** Marks 18
- (A) Four brief answers from theory portion **...** 8 Marks
- (B) Five MCQ **...** 10 Marks

આપનો વિશ્વાસુ

પરીક્ષા નિયામક